ગાંધીનગર સમાચાર

**૮ સ્થાનો પર ઈવીએમ ખોટવાતાં તાત્કાલિક બદલી દેવાયા**

# જિલ્લા પંચાયતના જંગમાં ૭૦ ટકા મતદાન

## દહેગામ ન.પા. માટે ૭૫ ટકા અને કલોલ ન.પા. માટે ૬૬ ટકા મતદાન નોંધાયું, પંચાયતની બેઠકો પર ૭૦ ટકાથી વધુ તો ૧૭ બેઠકો પર ૬૦ થી ૭૦ ટકા વચ્ચે મતદાન







(તસવીર : દિપક જાની)

ગાંધીનગર,તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પંચાયત, ૩ તાલુકા પંચાયત અને બે નગરપાલિકાની ચૂંટણીનું મતદાન શાંતિપૂર્ણ વાતાવરણમાં સરેરાશ ૭૦ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહી પર્વની ઉજવણી કરી હતી.

જિલ્લા પંચાયતની ૨૯ બેઠકો માટે આજે નોંધાયેલ મતદાનમાં પાંચ ટકાનો વધારો ગત ચૂંટણી કરતાં નોંધાયો છે. તો દહેગામ નગરપાલિકામાં સરેરાશ મતદાન ૭૫ ટકા અને કલોલમાં ૬૬ ટકા જેટલું મતદાન નોંધાયાના અહેવાલો છે.

જિલ્લામાં આજે સવારે મતદાન શરું થતાં પૂર્વે ગાંધીનગર તાલુકામાં બે મશીનો, દહેગામમાં ૩ જેટલા મશીનો એન કલોલમાં ૪ જેટલા સ્થાનો પર તકનીકી ખામી ઊભી થતં તાત્કાલિક તે તંત્ર દ્વારા બદલી નાખવામાં આવ્યો હતો.

પ્રચાર અભિયાન દરમિયાન જે ઉત્તેજના જોવા મળતી ન હતી તેની સામે આજે મતદારોએ દાખવેલા ભારે ઉત્સાહને લઈ રાજકીય પંડિતો પણ હવે મતદાન કરવા આવેલા મતદારોના ટ્રેન્ડનું એનાલીસીસ કરવામાં વ્યસ્ત બન્યા છે.

જિલ્લામાં મતદાનનો પ્રારંભના બે કલાકમાં ધીમો જણાયો હતો. જો કે જેમ જેમ દિવસ પસાર થતો ગયો તેમ તેમ મતદાન મથકો પર મતદારોની લાઈનો જોવા મળી હતી.

જિલ્લાના દહેગામ તાલુકાનામાં કણજોદરા અને હાલીસામાં પ્રારંભના બે કલાકમાં માત્ર ૬ ટકા કરતાં ઓછું મતદાન નોંધાયું હોવાના અહેવાલો મળ્યા હતા. માણસા તાલુકાની સમૌ બેઠક પર સવારથી જ મતદારોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો અને સાંજે ચાર વાગ્યા સુધીમાં આ બેઠક પર ૭૨ ટકા જેટલું મતદાન નોંધાયું હતું.

જિલ્લા પંચાયતની ભોંયણ મોટી, ઈટાદરા અને સમૌ બેઠક પર ચાર વાગ્યા સુધીમાં ૭૦ ટકા કે તેથી વધુ મતદાન નોંધાયું હતું. જયારે ૧૦ બેઠકો પર ૬૦ ટકાથી ઓછું મતદાન નોંધાયું હતું. જો કે ૧૭ બેઠકો પર ૬૦ થી ૭૦ ટકાની વચ્ચે મતદાન ચાર વાગ્યા સુધીમાં નોંધાયું હતું.

જિલ્લા પંચાયતની ચૂંટણી સાથે દહેગામ, કલોક અને માણસા તાલુકા પંચાયતની પણ ચૂંટણીઓ યોજાઈ હતી. મતદારોને બે અલગ-અલગ મત આપવાના હોવાથી અહિં મતદારોની લાઈનો જોવા વધુ મળતી હતી પરંતુ કોઈ ખાસ ફરિયાદો ન હતી.

દહેગામ નગરપાલિકા અને કલોક નગરપાલિકાની ચૂંટણીમાં પણ શહેરી મતદારોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો. ચાર વાગ્યા સુધીમાં દહેગામ નગરપાલિકામાં ૬૭ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું તો કલોલ નગરપાલિકામાં ૫૭ ટકા જેટલું મતદાન નોંધાયું હતું.

મતદારોએ મતદાન માટે દાખવેલી જાગૃતિથી રાજકીય પંડિતો પણ અચંબિત રહી જવા પામ્યા છે. આજે યોજાયેલ આ ચૂંટણીમાં સરગાસણ વિસ્તારમાં મતદારોના નામ ગાયબ થયાની ફરિયાદ શરૂઆતમાં આવી હતી પરંતુ આ મતદારોની સોસાયટીઓ વાવોલના પરા તરીકે ઓળખાતા વાસણા હડમતિયાના વિસ્તારમાં આવેલી હોવાથી આ મતદારોનો સમાવેશ વાવોલની બેઠક પર કરવામાં આવ્યો હોવાનું તંત્રના અધિકારીઓ એ કરેલા ખુલાસા પછી કોઈ ફરિયાદ ઉઠી ન હતી.

સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણી સ્થાનિક મુદાઓ પર લડાતી હોવાથી પણ ભારે મતદાન થયાનું નિરીક્ષકો માની રહ્યા છે. જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણીમાં

● અનુસંધાન પાન-૭ પર

## વિજયનો વિશ્વાસ ભાજપ-કોંગીના આગેવાનો વ્યકત કરી રહ્યા છે

### અમે ૨/૩ બેઠકો પર વિજયી થઈશું : સૂર્યસિંહ ડાભી, ભાજપ
### સ્પષ્ટ બહુમતિ સાથે સત્તા સંભાળશે : હિતેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતના ચૂંટણી જંગમાં બંને પક્ષોએ વિજયનો દાવો કરી મતદારોએ દાખવેલી અભૂતપૂર્વ જાગૃતિ સાથે મતદાનમાં ભાગ લઈ લોકશાહીના પર્વની દિપાવલી ઉજવવા માટે અભિનંદન આપ્યા છે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીએ જિલ્લા પંચાયત સહિતની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૨/૩ કરતાં પણ વધુ બેઠકો પર તેમના ઉમેદવારો વિજયી થશે તેવો વિશ્વાસ મતદાનને અંતે વ્યકત કર્યો છે.

ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મતદારોએ આજે ખુબ જ ઉત્સાહથી મતદાનમાં ભાગ લીધો છે તે માટે આભારની લાગણી પણ વ્યકત કરી હતી. તેમણે જણાવ્યું કે જિલ્લામાં કોંગ્રેસ પ્રત્યેની અપાર લાગણી હોવાનું મતદારો સાથેની વાતચીતમાં જણાવ્યું છે અને શાસનધુરા કોંગ્રેસને સોંપવાના સંકેતો પણ આપ્યા હતા.

તેમણે કહ્યું કે જિલ્લા પંચાયતની ૨૨ થી ૨૫

● અનુસંધાન પાન-૭ પર

## ૮ સ્થાનો પર ઈવીએમ ખોટવાતાં તાત્કાલિક બદલી દેવાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં આજે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મતદાન શરૂ થતાં પહેલાં જ ૮ થી વધુ ઈ.વી.એમ.માં મોકપોલ દરમિયાન જ તકનીકી ક્ષતિ જણાતાં તે બદલવાનો નિર્ણય કરાયો હતો અને ગણતરીની મિનિટોમાં જ તે બદલી નંખાયા હતા.

મળતી વિગતો મુજબ દહેગામ તાલુકામાં બે ગામોમાં ઈ.વી.એમ.ના બેલેટ યુનનિટમાં ક્ષતિ જણાતાં તે બદલી નાખવામાં આવ્યા હતા.

આ ઉપરાંત કલોલ તાલુકામાં શોભાસણ, ડીંગુચા, અલુવા અને આમજામાં પણ તકનીકી ક્ષતિને ધ્યાને લઈ ત્યાં ઈ.વી.એમ. બદલવામાં આવ્યા હતા. ગાંધીનગર તાલુકામાં શિહોલી મોટી અને પાલજ ખાતે પણ તકનીકી ક્ષતિ જણાતાં બે ઈ.વી.એમ. બદલવામાં આવ્યા હતા.

માણસા તાલુકામાં પણ શરૂઆતમાં એક બે ગામમાં કનેકશનમાં થોડીક ક્ષતિ જણાતાં ત્યાં રીપેરીંગ કરી મશીનો કાર્યાન્વીત કરી દેવાયા હતા તેમ જાણવા મળેલ છે.



(તસવીર : દિપક જાની)

સરપ્રાઈઝ વિઝિટ - સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓના મતદાનના આજે મતદારોના નામ ગુમ થયા અંગેની ફરિયાદો સંદર્ભે રાજયના મુખ્ય ચૂંટણી કમિશનર વરેશ સિંહાએ સરપ્રાઈઝ વિઝીટ કુડાસણ મતદાન મથક પર કરી હતી... કેટલાક આગેવાનો દ્વારા કરાયેલી રજૂઆત સંદર્ભે સિંહાએ જાતે મતદાર યાદી તપાસી હતી.

## નવસર્જન ગુજરાતનું સ્વપ્ર સાકાર થશે : નિશીત વ્યાસ

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેસ મહામંત્રી અને પ્રવકતા શ્રી નિશીત વ્યાસે આજે મતદારો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરતાં જણાવ્યું હતું કે નકારાત્મક રાજનીતિ નહિ પણ સકારાત્મક વિકાસ માટે મતદારો સ્વયંભુ બહાર આવી અને કોંગ્રેસ પક્ષને જનાદેશ આપવાનું મન બનાવી બહાર નીકળ્યા હતા.

તેમણે જણાવ્યું છે કે દરેક કોંગ્રેસજન ચૂંટણીના મેદાનમાં આક્રમક થઈ નિષ્ઠાપૂર્વક જવાબદારી સાથે નવસર્જન ગુજરાતના સ્વપ્રને સાકાર કરવા જનતા જનાર્દનને જોડવાનું સફળ કામ કર્યુ છે.

તેમણે આજની ચૂંટણીમાં શાંતિ અને સંયમ સાથે જે મતદારોએ ઉત્સાહ દાખવ્યો છે તે અવર્ણનીય છે અને મતદારોનો અમે આભાર માનીએ છીએ.

## શાંતિપૂર્ણ મતદાન બદલ મતદારોનો આભાર માનતા ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ

ગાંધીનગર, તા.૨૯

ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુએ રાજયની ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૦ તાલુકા પંચાયત અને ૫૬ નગરપાલિકાઓ માટે યોજાયેલ મતદાનમાં શાંતિપૂર્ણ મતદાન કરવા બદલ રાજયના મતદારોનો આભાર માન્યો હતો.

શ્રી ફળદુએ જિલ્લા તાલુકા અને નગરપાલિકા વિસ્તારના મતદારોએ કરેલ મતદાનથી વિકાસની પ્રક્રિયાને વધુ વેગ મળશે તેમ જણાવી ઉમેર્યું હતું કે, મતદાન ભાજપાની વિચારધારા અને રાજય સરકારની તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની પ્રજાલક્ષી કામગીરીનું સમર્થન છે. મતદાન સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની મજબૂતી બક્ષનારૂ વિકાસલક્ષી મતદાન છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ભાજપાનો કેસરીયો લહેરાશે.

શ્રી ફળદુએ પુનઃ મતદારોને શાંતિપૂર્વક મતદાન કરવા બદલ અભિનંદન આપતા જણાવ્યું હતું કે રાજયની જનતાને ભાજપામાં પુરો ભરોસો છે, જનસમાજની આકાંક્ષાઓની પૂર્તિ એ ભાજપાની પ્રતિબદ્ધતા છે. રાજયના મતદારો પુનઃ ભાજપાને વિજય અપાવી વિકાસની પ્રક્રિયા આગળ ધપાવશે એમ શ્રી ફળદુએ જણાવ્યું હતું.





(તસવીર : કશ્યપ નિમાવત)

શહેરની સફાઈ - શહેરમાં સફાઈ કામ આજકાલ ગંભીરતાથી ચાલી રહ્યું છે... સ્માર્ટ સિટી તરફ ગતિ કરતું ગાંધીનગર સ્વચ્છ શહેર તરીકે ઓળખાવા પ્રયાસ કરી રહ્યું છે... રવિવારની રજા છતાં સફાઈ કામદારો સફાઈની કામગીરી નિરંતર કરતા નજરે પડ્યા હતા.... સૌ નગરજનોના મનમાં એક ઈચ્છા અવિરત વહ્યા કરે છે કે, અમારું શહેર સ્વચ્છ શહેર બને, અમારું શહેર સ્વસ્થ શહેર બને... આવનારા દિવસોમાં સ્વચ્છ ગાંધીનગર, ગ્રીન ગાંધીનગરનું સ્વપ્ર સાકાર થાય એવા એંધાણ વર્તાય છે....

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

યોગીકૃપા ખાદી ગ્રામોધોગ વિકાસ સંઘ, મોડાસા સંચાલિત
યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર
ગુજરાત સુતરાઉ ખાદી - ૨૫% વળતર
ગુજરાત પોલીવસ્ત્ર ખાદી - ૨૫% વળતર
ગરમ ખાદી - ૨૦% વળતર
રેશમ ખાદી - ૨૦% વળતર
યોગીકૃપા ખાદી ભંડાર - મોડાસા
યોગીકૃપા ખાદી ભંડાર - ભીલોડા
અંબિકા ખાદી ભવન - અંબાજી
યોગીકૃપા ખાદી ભંડાર - મેઘરજ
અમારે ત્યાં સુતરાઉ, પોલી, ગરમ અને રેશમ ખાદી તેમજ આસન, શેત્રંજી, બેડશીટ, આસનપટ્ટા, લેંઘા, ઝભ્ભા, શર્ટ વિગેરે અવનવી ડિઝાઈનમાં મળશે. ઓફીસ, હોસ્ટેલ, ઘર ઉપયોગી ફર્નિચર મળશે.
અમારી સંસ્થા સરકારના નિયમ મુજબ વિના ટેન્ડર માન્ય છે.
સમય : ૧૦ થી ૭ સાંજના
સ્થળ : ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સ્કાયવ્યુ શોપીંગ સેન્ટર, ગાંધીનગર
ધર્મેન્દ્ર યોગી - મંત્રી
ઉષાબેન કે. ત્રિવેદી - પ્રમુખ
જસવંત સી. યોગી - વ્યવસ્થાપક
ફોન : 079-23224370 (C), 02774-244355 (HO)

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com